
ગાંધીનગર સમાચાર

# બાયડમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની સભાનો ફલોપ...શો..

## સભામાં જનતાની પાંખી હાજરીથી નેતાગીરી ચિંતીત



(તસવીર : સમીર બલોચ, ડીસા)

બાયડ, તા. ૧

ગુજરાત રાજયમાં અત્યારે વિધાનસભા ની ચુંટણી માં આવખતે ત્રીપાખીયો જંગ યોજાનારો છે અને તેમાંયે ટીકીટ વાંરછુઓ અને નારાજ કાર્યકર્તાઓ એ અપક્ષ ઉમેદવારી કરતાં આવખત ની ગુજરાત રાજય ની ચુંટણી રોમાંચક બની રહે તેવી પરીસ્થીતી જોવા મળી રહી છે તયારે આ વખતે ગુજરાત ના બે મુખ્ય પક્ષો એવા ભાજપા અને કોગ્રેસ દ્વારા પોતાના વોટરો અને જનતા ને રીઝવવા માટે ગુજરાત ના મેદાન માં સ્ટાર પ્રચારકો ની ટીમ ઉતારી દીધી છે ત્યારે આજે આવજ એક ભાજપાના મોટા કદના રાષ્ટ્રીય નેતા અને ભાજપા ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બલવીર પુંજ ની બાયડ ખાતે એક જાહેર સભા નુ આયોજન કરાયુ હતુ પરંતુ આ સભા અંગે ભાજપા પક્ષ દ્વારા મીડીયાને પણ જાણ કરવામાં આવી નહોતી જયારે આ સભા આજે સાંજે વ્રજ ગાર્ડ ની બાજુ માં આવેલ એક ખાલી પ્લોટ માં યોજવામાં આવી હતી જેમાં વહેલી સવારે થી જ કાર્યકરો ને આ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં લોકો ઉપસ્થીત રહે તેવી સુચના આપવામાં આવી હતી પરંતુ જાણે આ સ્ટાર પ્રચારક નીસભા નુ સુરસુરીયુ નીકળી ગયુ હોય તેમ નિયત સમય કરતાં પણ મોડી યોજવામાં આવી હતી.

પરંતુ જનતા અને કાર્યકરો ની પાંખી હાજરી જોવા મળી હતી જયારે બીજી બાજુ ભાજપ ના તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ ચુનીભાઈ પટેલ અને કડવા પટેલ સમાજ ના અગ્રણી એ અપક્ષ તરીકે ઉમેદવારી ફોર્મ ભરતા ભાજપ માટ હોલ તેઓ માથાના દુખાવા સમાન સાબીત થયા છે ત્યારે છેલ્લા પાંચ વર્ષ માં ધારાસધ્ય તરીકે ઉદેસીંહ ઝાલા ની કામગીરી ને લઈને બાયડ શહેર અને તાલુકાની જનતા નો ભાજપા પ્રત્યે નો છુપો રસ આ ચુટણી માં ધીમે ધીમે બહાર આવી રહયો છે. જેને લઈ ને હાલ તો બાયડ તાલુકાની ભાજપા નેતાગીરી ચીંતીત છે ત્યારે આજે બાયડ ખાતે ભાજપના સ્ટાર પ્રચારક અને મોટા કદના રાષ્ટ્રીય નેતા ગણાતા ભાજપા ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બલવીર પુંજ ની સભા માં જનતા ની પાંખી હાજરી લોકો ની આંખે ઉડી ને વળગી હતી અને અધારભુત સુત્રો જોળેથી મળેલી માહીતી મુજબ હાલ તો ભાજપા ના ઉમેદવાર ની ઉમેદવારી ને લઈ ને હાલ એક અંસુતુષંટો નુ એક ગ્રુપ આ ઉમેદવાર ને હરાવવા મેદાને પડયુ છે ત્યારે બીજી બાજુ કોગ્રેસ પક્ષ દ્વારા શંકરસિંહ વાઘેલા ના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા એ ઉમેદવારી નોધાવતા ભાજપા માટે બાયડ તાલુકાની સીટ માથાના દુખાવા સમાન બનીરહી છે ત્યારે મતદારો હાલ તો ગણગણાટ જોવા મળી રહયો છે કે આતો શરૂઆત છે આગે આગે દેખો કયા હોતા હે.

## ડીસાના ભોયણ ગામે રહેતા એડવોકેટની કાવતરૂ રચી હત્યા : બે શકમંદોની પોલીસે હાથ ધરી તપાસ

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના જુનાભોયણ ગામે રહેતા અને પાલનપુર કોર્ટમાં પ્રેકટીસ કરતા ખ્યાતનામ એડવોકેટની ગત તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૨ના રોજ માલણ અને હસનપુર ગામ જતા રસ્તા પરથી મૃત હાલતમાં લાશ મળી આવી હતી. આ મામલે પાલનપુર તાલુકા પોલીસે પ્રથમ અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી હતી. જો કે આ રહસ્યમય મામલો હત્યોનો બહાર આવતા પાલનપુર તાલુકા પોલીસે આ મામલે તે બાદ બે શકમંદ ઈસમો વિરુધ્ધ હત્યાનો ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.


જેની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના જુના ભોયણ ગામે રહેતા એડવોકેટ શંકરલાલ વી. થરાદવાળા ઘણા વર્ષોથી એડવોકેટ તરીકે ડીસા તેમજ પાલનપુર કોર્ટમાં સિવિલ તેમજ ક્રીમીનલ કેસો લડતા હતા. તેઓના મોટાભાગના કેસો સિવિલ અને જમીન લગતા હતા. જેમાં ગત તારીખ ૨૫મીનવેમ્બર ૨૦૧૨ની રાત્રીએ આ એડવોકેટ એસ.વી. થરાદવાળાનો મૃત દેહ માલણ તથા હસનપુર જતા રસ્તા પરથી મળી આવ્યો હતો. આ મામલે તે બાદ મૃતકની લાશનો કબ્જો સંભાળી પાલનપુર તાલુકા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી હતી. જો કે તે બાદ આ મામલે નવા પુરાવાઓ મળતા પાલનપુર તાલુકા પોલીસે મૃતક એડવોકેટની બહેન કાંતાબેન વિરમાભાઈ પ્રજાપતી રહે. જુના ભોયણ તાલુકો ડીસાવાળાઓની ફરીયાદના આધારે આ હત્યા કેસમાં સંભવીત સંડોવાયેલા શકમંદ આરોપી ભીલ કાળુભાઈ મંગળાભાઈ રહે. ડીસા. તેમજ મેપસિંહ મગનસિંહ ઠાકોર રહે. ઝેરડા તાલુકો ડીસા વાળાઓ વિરુધ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથક ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૦૭/૨૦૧૨ આઈ.પી.સી.કલમ ૩૦૨, ૩૪, ૧૨૦ (બી), મુજબ ગુનો દાખલ કરેલ છે. જેની વધુ તપાસ પાલનપુર તાલુકા પોલીસ મથક પી.એસ.આઈ. આર.સી.વ્યાસ ચલાવી રહ્યા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ અંબાજી વિસ્તારમાં આવેલ કિંમતી જમીન મામલે કાવતરુ રચી મૃતકને કોઈપણ વાહનમાં બેસાડી લઈ જઈ પ્રી- પ્લાન મુજબ તેમની હત્યા કરેલ હોવાનું બહાર આવેલ છે. આ મામલે ભાગેડું શકમંદોને ઝડપી પાડવા પોલીસે સઘન તપાસ હાથ ધરેલ છે.



## બાયડમાં ભાજપનું ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકાયું

બાયડ વિસ્ધાનસભાની ચૂંટણીને લઈને આજે બાયડ વિધાનસભામાં ભાજપનું ચુંટણીકાર્યાલય ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બલવીર પુંજે ઉદઘાટન કરી આજે કાર્યાલયને વિધીવત રીતે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ભાજપના ઉમેદવાર ઉદેસીંહ ઝાલા સાબરકાંઠાના પ્રભારી કે.સી.પટેલ બાયડ વિધાનસભા ના ઈન્ચાર્જ સુધીરભાઈ પટેલ બાયડ તાલુકા પ્રમુખ ભુપતસીંહ બાયડ શહેર પ્રમુખ અરવીંદભાઈ પ્રજાપતી મહામંત્રી અતુલભાઈ પ્રજાપતી ડૉ શકુન્તલાબેન તાલુકા પંચાયત ના પ્રમુખ મનહરભાઈ પટેલ ચંદ્રીકાબેન મહેશભાઈ પટેલ બીપીનભાઈ પટેલ તેમજ કાર્યકરો ઉપસ્થીત રહય હતા. (તસવીર : સમીર બલોચ, ડીસા)

## નર્મદા મેઈન કેનાલની પાઈપલાઈન ચાલુ માસના અંત સુધી દાંતીવાડા ડેમ સુધી પહોંચશે



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા.૧

થરા તાલુકાના ચાંગા ગામ સ્થિત સુજલામ-સુફલામ યોજના અંતર્ગત થરા તાલુકાની મેઈન કેનાલમાંથી ૭૮ કિમી લંબાઈ ધરાવતી પાણીની પાઈપલાઈનને દાંતીવાડા ડેમ તેમજ કેનાલ સુધી લાવવાની કામગીરી તંત્ર દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે આ વિસ્તારના સ્થાનિકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. પરંતુ વન વિભાગની થોડી જમીન પાઈપલાઈનની વચ્ચે આવતા થોડા વધુ સમય માટે સ્થાનિકોને પાણીની રાહ જોવી પડશે.

રાજય સરકાર દ્વારા બે વર્ષ અગાઉ થરા તાલુકાના ચાંગા ગામથી દાંતીવાડા ડેમ અને કેનાલ સુધીની ૭૮ કિમી લંબાઈ ધરાવતી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે ધીમી ગતિએ ચાલતી હતી પરંતુ થોડા સમય પૂર્વે તંત્ર દ્વારા આ કામગીરીને વધુ વેગીલી બનાવી હતી અને ચાંગા ગામથી રામપુરા ખીમાણા સુધી પાણીના નીર પહોંચાડયા હતા તેમજ આગળ પણ કામગીરી ચાલી રહી છે ત્યારે ભડથથી દાંતીવાડા સુધીના દોઢ કિ.મી. વિસ્તારમાં વન વિભાગની જમીન આવી જતા હાલ આ સમગ્ર મામલો અધવચ્ચે લટકી રહ્યો છે.

પરિણામે જયાં સુધી વનવિભાગની મંજુરી નહીં ત્યાં સુધી દાંતીવાડાના સ્થાનિકોને આ પાણીની રાહ જોવી પડશે. જો કે સિંચાઈ વિભાગ દ્વારા એવું જણાવવામાં આવ્યું છે. આ મહિનાના અંત સુધીમાં વન વિભાગની મંજુરી પણ મળી જશે અને દાંતીવાડા ડેમ અને કેનાલ બંનેમાં પાણી પહોંચતું થઈ જશે.

## ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામે બંધ મકાનમાંથી બે લાખની મત્તાની ચોરી

ઊંઝા, તા. ૧

ઊંઝા તાલુકામાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

તાલુકાના રણછોડપુરા ગામે એકબંધ મકાનનું તાળુ તોડીને અંદરથી કોઈ તસ્કરો સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી અંદાજે બે લાખ રૂપિયાની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામે રહેતા દશરથભાઈ બેચરદાસ પટેલના બે મકાનો આવેલ છે. જે પૈકી નવા મકાનમાં તેઓ રહે છે અને જુનું મકાન બંધ રહે છે. દરમિયાન ગઈરાત્રે કોઈ તસ્કરોએ તેમના જૂના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ સૌ પ્રથમ બંધ મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ મકાનની અંદર રહેલ લોખંડની પેટીઓ તોડી નાંખી તેમાંથી ત્રણ તોલા વજનના સોનાના દોરા નંગ-૩, બે તોલાની સોનાની બંગડી નંગ-૨, એક તોલાની સોનાની વિંટી, સોનાના રૂકડા તેમજ ૧૩ હજારની રોકડ રકમ મળી કુલ ૧,૯૩,૦૦૦ની કિંમતના મુદ્દામાલની ચોરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવથી ગ્રામજનોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

આ અંગે ઊંઝા પોલીસે ઘરફોડચોરીનો ગુનો દાખલ કરી ડોગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની ટીમને બોલાવી વધુ તપાસ હાથ ધરી છે.

## સાબરકાંઠા જિલ્લામાં મતદાન દિને જાહેર રજા

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ સાત વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લામાં સમાવિષ્ટ સાત વિધાનસભા બેઠકમાં આવેલ કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાના શ્રમયોગી તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. તે માટે કારખાના ધારાની કલમ મુજબ લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ મુજબ, કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓના શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટના શ્રમયોગીઓને ઉક્ત હેતું માટે સવેતન રજા આપવાની રહેશે.



ગરીબી નાબુદી અને ગરીબ કલ્યાણમેળાઓના સુત્રો અને જલસાઓ બાદ પણ જમીનની હકીકત કંઈક જુદી જ છે. સરહદી બનાસકાંઠા જિલ્લાને રાજ્યના પછાતપણાનું લેબલ લાગેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં પણ પાલનપુર સહિત અનેક સ્થાનોએ એસી ડે સ્કુલોની ઈમારતો બની છે. પરંતુ સમાજના ગરીબ-ઝુંપડપટ્ટીના ભુલકાઓ આજે પણ માટીમા બેસીને ભણે છે. અને ભણાવનાર શિક્ષક સેવાભાવી તુટેલા ખાટલા પર આવતીકાલના ભારતના નાગરિકો તૈયાર કરે છે. આ તસવીર વિકાસ, વિકાસ, વિકાસ અને ગરીબ નાબુદીના દશા-દિશા બદલવા ચૂંટણી ટાણે બણગાં ફુંકતા રાજકીય પક્ષોને પાલનપુરની પ્રગતિ અર્પણ. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ગઢડાકંપા ગામે ઝેરી દવા ગટગટાવી જતા યુવાનનું મોત

હિંમતનગર, તા.૧

મોડાસા તાલુકાના ગઢડાકંપા ગામે આજે એક યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતા સારવાર દરમિયાન તેનું મોત નિપજયું હતું જે અંગે હિંમતનગર ટાઉન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મોડાસા તાલુકાના ગઢડાકંપા રહેતા ૨૩ વર્ષીય રાકેશકુમાર મોહનભાઈ નાયક ગત રોજ સાંજના સુમારે પોતાના મકાનમાં જ અગમ્ય કારણોસર ગટગટાવી ગયો હતો આ અંગે પરિવારજનોને જાણ થતાં તેઓએ તાત્કાલિક યુવાનને હિંમતનગર સિવિલમાં લઈ આવ્યા હતા. જયાં સારવાર દમરિયાન આજે યુવકનું કરૂણ મોત નિપજયું હતું. જે અંગે સિવિલ હોસ્પિટલના ડૉ. વેકરીયાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સમાચાર ઝલક

- ફેસબુક કોમેન્ટ વિવાદ : સરકારે ધરપકડના નિયમો બદલ્યાં.
- ૩૦૦૦ પાકિસ્તાનીઓને ભારત ક્રિકેટ જોવા વિઝા અપાશે.
- મોબાઇલ ફોન તંદુરસ્તી માટે જોખમ સમાન : અહેવાલ.
- અપક્ષોને ફાળવાયેલા ૮૭ ચિત્ર-વિચિત્ર ચૂંટણી ચિહ્નો.
- આશ્ચર્યમ્ !!! ખાંભાની બજારમાં આવી કેસર કેરી, કિલોનાં રૂપિયા ૨૦૦ ભાવ.
- પેલેસ્ટાઇનને સંયુક્ત રાષ્ટ્રસંઘે દેશની માન્યતા આપી.
- ટુ-વ્હીલરો માટે વનટાઇમ વીમા યોજના આવી રહી છે.
- પીલીભીતમાં વર્ષ ૨૦૦૯માં ઉશ્કેરીજનક ભાષણ બદલ વરૂણ ગાંધી સામે ચાર્જશીટ મુકાઇ, તા.૧૦મી ડિસેમ્બરે સુનાવણી.
- લગ્નસરાના લીધે ઓછા મતદાનનો રાજકીય પક્ષોને ભય સતાવે છે.
- લગ્નગાળામાં ખાનગી વાહન સંચાલકોનો તડાકો, નાના રૂટ માટે મોટું ભાડું.
- કૌભાંડોનો સિલસિલો, સૈન્ય શસ્ત્ર ફેક્ટરીમાં ૧૨૭૭ કરોડની ગેરરીતી : કેગનો અહેવાલ.
- અમેરિકા માટે ભારત અને ચીન બંને જરૂરી : હિલેરી ક્લિન્ટન.
- ઉત્તરીય પવન શરૂ થતાં આગામી દિવસોમાં કાતિલ ઠંડીની શકયતા.
- ૨૧ ડિસેમ્બરના દિવસે પૃથ્વીનો નાશ નહિ થાય : નાસાનાં વૈજ્ઞાનિકો.
- દિવાળી પછી લીલા શાકભાજીનાં ભાવોમાં ઘટાડો.
- ક્રિકેટર રૂદ્રપ્રતાપસિંઘ (આ.પી.સિંઘ)નાં ગુજરાતી કન્યા દિવ્યાંશી સાથે અમદાવાદમાં પ્રભુતાનાં પગલાં.
- દેશનાં ટોચના કેન્સર સર્જન અને પદ્મભૂષણ ડો. પ્રફુલ્લ દેસાઇ ઉપર નિષ્કાળજીનો આરોપ, સજાને દંડ.
- ખાનગી ટ્યુશન કલાસીસની નોંધણી ન કરાવનારને દંડ ને સજા.
- ખરાબ સંકતો, વિકાસ દર ૩ વર્ષના તળીયે, જીડીપી ૫.૩%.
- ભારતના નામે વધુ સફળતા, વિશ્વમાં પહેલીવાર ૧૨ વર્ષના બાળકમાં કિડની અને કાળજાનું સફળ પ્રત્યારોહણ.
- ગુજરાતની ચૂંટણીમાં વિદેશી એમ્બેસીઓને પણ ભારે રસ.

## ડીસામાં ચકાસણી દરમિયાન સમાજવાદી પક્ષ સહિત કુલ બેના ઉમેદવારી પત્ર રદ

ડીસા, તા. ૧

ડીસા વિધાનસભા બેઠક પરથી ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે કુલ ૨૪ ઉમેવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા. જે બાદ આજ રોજ ચુંટણી ઓબઝર્વર તથા રીર્ટનીંગ ઓફીસર દ્વારા તમામ ઉમેદવારોની હાજરીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાઈ હતી. આ ચકાસણીમાં બે ઉમેદવારોના ઉમેદવારી પત્રોમાં ટેકેદારો તેમજ મતદાન મથકો બાબતની વિગતમાં વિસંગતતા આવતા આ બંન્ને ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ કરાયા હતા.

આ અંગેની વિગતો જોઈતો આજરોજ ડીસા-૧૩ વિધાનસભા બેઠક માટે ઉમેદવારોએ રજુ કરેલા ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં ડીસાના ચુંટણી ઓબઝર્વર રાધવેન્દ્રસિંગ તથા રીટર્નીંગ ઓફીસર બી.કે. પટેલ તેમજ આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફીસર હર્ષદભાઈ ભીંડે વિગેરે દ્વારા તમામ ઉમેદવારોની હાજરીમાં આજે તેઓ દ્વારા રજુ કરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ ચકાસણી દરમ્યાન સમાજવાદી પાર્ટીના ઉમેદવાર રતનાજી રણછોડજી માળીના ઉમેદવારી પત્રમાં ટેકેદારોમાં વિસંગતતા દેખાઈ હતી. જ્યારે અપક્ષ ઉમેદવાર પટેલ વેનાભાઈ પ્રભુદાસના ઉમેદવારી પત્રમાં મતદાન મથકના ટેકેદારોમાં વિસંગતતા જોવા મળતા આ બંન્ને ઉમેદવારોના ઉમેદવારી પત્રો નિયમ મુજબ રદ કરાયા હતા. જે મુજબ ડીસા વિધાનસભા બેઠક માટે હાલની તાજા સ્થીતીએ ૨૨ ઉમેદવારો મેદાનમાં છે.

## પસંદગીના નંબર મેળવવા માટે આર.ટી.ઓ. કચેરી મહેસાણા ખાતે અરજી કરો

મહેસાણા દ્વારા ૧૪ ડિસેમ્બરથી જીજે-૨-બીજે ૧ થી ૯૯૯૯ ની નવી સીરીઝ શરૂ થનાર છે. પસંદગીના નંબર મેળવવા માટે આર.ટી.ઓ. કચેરી મહેસાણા ખાતે ૧૩ ડિસેમ્બર સુધીમાં સવારે ૧૧ થી ૧૭.૩૦ દરમિયાન ફોર્મ નંબર ૨૦ સાથે બંધ કવરમાં અરજી કરવી. પસંદગીના નંબર માટે જે રકમ ભરવા માંગતા હોય તેમણે આર.ટી.ઓ. મહેસાણાનો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તથા બેન્ક ઓફ બરોડાનો માન્ય ગણાશે. નંબરની ફી રૂ. ૧૦૦૦ રાખેલ છે

## વાત કાયદા કાનૂનની... (પાના નં.૨ નું ચાલુ)

હથિયાર હાથમાં આવી ગયું છે. જેને છોડ્યા તેઓ તૈયાર નથી, પ્રજા મોટી ઝુંબેશ ચલાવે અથવા સુપ્રીમ કોર્ટે પોતાના પાવરનો ઉપયોગ કરી આ કાયદો સુધારવા ફરી સંસદમાં વિચારણા કરવા તથા નિષ્ણાંતોના મતો લેવા જણાવે તો જ આ કાળા કાયદામાં સુધારો શક્ય છે. નહીંતર આમ પ્રજાના પોતાના વિચારો, અભિવ્યક્ત કરવાની સ્વતંત્ર્યતા પર તરાપ મુકાતી રહેશે અને નિર્દોષ રેણુકા જેવી યુવતીઓની વિના કારણે ધરપકડ થતી જ રહેશે. કાયદો પ્રજાની સલામતી, સુરક્ષા, શાંતિ માટે ઘડવામાં આવે છે. પરંતુ તેનો ટેકનિકલ દુરપયોગ વારંવાર ભારત જેવા લોકશાહી ધરાવતા દેશોમાં થતો જ રહે છે. માટે શું? જેવી લાગણીમાંથી બહાર આવવાથી પ્રજામત દ્વારા આવા કાયદામાં સુધારો લોકજાગૃતિથી જ લાવી શકાય છે.